# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-11-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

### આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

*************************************************

1. રાષ્ટ્રપતિએ ન્યાયાધીશ સૂર્યકાંતને આજે ભારતના53 મા મુખ્ય ન્યાયાધીશ તરીકેના શપથ લેવડાવ્યાં
2. ભારતીય નૌકાદળે માહે-ક્લાસ એન્ટિ-સબમરીન વોરફેર શેલો વોટર ક્રાફ્ટના પ્રથમ જહાજ, INS માહેને કમિશન કર્યું
3. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લચિત દિવસ પર અહોમ સેનાપતિ લચિત બોરફૂકનને શ્રદ્ધાંજલિ અર્પી
4. પાકિસ્તાનના પેશાવરમાં ફ્રન્ટિયર કોન્સ્ટેબ્યુલરી મુખ્યાલય પર આત્મઘાતી હુમલામાં ત્રણ સુરક્ષા કર્મચારીઓના મોત
5. ભારતનું અર્થતંત્ર ચાલુ નાણાકીય વર્ષમાં 6.5 ટકા અને આગામી નાણાકીય વર્ષમાં 6.7 ટકાના દરે વૃદ્ધિ પામે તેવુ સ્ટાન્ડર્ડ એન્ડ પુઅરના વૈશ્વિક રેટિંગ્સનું અનુમાન
6. પાંચમી ખેલો ઇન્ડિયા યુનિવર્સિટી ગેમ્સનો આજથી રાજસ્થાનમાં આરંભ થશે

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

## DAY PREZ-CJI

ન્યાયાધીશ સૂર્યકાંતે આજે ભારતના 53મા મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ ગ્રહણ કર્યા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે સવારે રાષ્ટ્રપતિ ભવનમાં જસ્ટિસ સૂર્યકાંતને શપથ લેવડાવ્યા.

**(બાઇટ – OATH – CJI)**

જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ બી.આર. ગવઈના અનુગામી બનશે. તેમણે 1984માં હિસાર જિલ્લા અદાલતમાં કાયદાની પ્રેક્ટિસ શરૂ કરી હતી.

પ્રસ્તુત છે એક વિશેષ અહેવાલ......

**(બાઇટ – ANUPAM)**

શપથ ગ્રહણ સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, લોકસભા સ્પીકર ઓમ બિરલા, અમિત શાહ, રાજનાથ સિંહ, જે.પી. નડ્ડા સહિત કેન્દ્રીય મંત્રીઓ અને અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## NAVY COMMSSIONING

ભારતીય નૌકાદળે આજે મુંબઈના નેવલ ડોકયાર્ડ ખાતે માહે-ક્લાસ એન્ટિ-સબમરીન વોરફેર શેલો વોટર ક્રાફ્ટના પ્રથમ જહાજ, INS માહેને કમિશન કર્યું. આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ મુખ્ય અતિથિ તરીકે સમારોહની અધ્યક્ષતા કરી.. આ જહાજની વિશેષતા એ છે કે છિછરા પાણીમાં પણ ઉત્તમ કામગીરી બજાવી શકે છે.

કોચીન શિપયાર્ડ લિમિટેડ દ્વારા બનાવવામાં આવેલ, INS માહે આત્મનિર્ભર ભારત પહેલ હેઠળ દેશના શિપબિલ્ડિંગ ઇકોસિસ્ટમની વધતી જતી ક્ષમતાઓ પ્રદર્શિત કરે છે. 80 ટકાથી વધુ સ્વદેશી સામગ્રી સાથે, આ યુદ્ધ જહાજ ડિઝાઇન, બાંધકામ અને સિસ્ટમ એકીકરણમાં રાષ્ટ્રની તકનીકી પ્રગતિને પ્રતિબિંબિત કરે છે.

આ કાર્યક્રમમાં બોલતા, જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ ભાર મૂક્યો કે સશસ્ત્ર દળોની સાચી તાકાત સિનર્જીમાં રહેલી છે. તેમણે કહ્યું કે, સંકલન અને એકીકરણના મુખ્ય ઉદેશ સાથે ભારતીય સૈન્ય આજની માંગ અનુસાર સુધારાઓ કરી રહી છે.

તેમણે કહ્યું કે, પહેલગામ આતંકવાદી હુમલા પછી પાકિસ્તાનમાં આતંકવાદી માળખાને નિશાન બનાવતી દેશની લશ્કરી કાર્યવાહી, ઓપરેશન સિંદૂર, સશસ્ત્ર દળો વચ્ચેના સંકલનનુ ઉત્તમ ઉદાહરણ હતું. તેમણે કહ્યું કે સમુદ્રના ઊંડાણથી દેશની સર્વોચ્ચ સરહદો સુધી કાર્યવાહી કરવાની દેશની ક્ષમતા તેના સુરક્ષા પ્રભાવને દર્શાવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM-LACHIT

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે લચિત દિવસ પર અહોમ સેનાપતિ લચિત બોરફૂકનને શ્રદ્ધાંજલિ અર્પી. પ્રધાનમંત્રીએ કહ્યું કે, તેમની વીરતા નવી પેઢી માટે પ્રેરણારૂપ છે.**

**(બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PAK-GUNMEN ATTACK

પાકિસ્તાનમાં અજાણ્યા શખ્સોએ આજે પેશાવરમાં ફ્રન્ટિયર કોન્સ્ટેબ્યુલરી મુખ્યાલય પર હુમલો કર્યો. આ હુમલામાં બે મોટા વિસ્ફોટ થયા અને કમ્પાઉન્ડની અંદર ભારે ગોળીબાર થયો. પ્રારંભિક અહેવાલો મુજબ, ત્રણ સુરક્ષા કર્મચારીઓ માર્યા ગયા અને ઉચ્ચ સુરક્ષા ઝોનને બંધ કરી દેવામાં આવ્યો છે.

આ હુમલો મુખ્ય દરવાજા પર આત્મઘાતી બોમ્બ વિસ્ફોટથી શરૂ થયો હતો, ત્યારબાદ નજીકના મોટરસાઇકલ સ્ટેન્ડ પર IED વિસ્ફોટ થયો હતો. સુરક્ષા અધિકારીઓએ જણાવ્યું કે, બાહ્ય વિસ્તાર સુરક્ષિત કરવામાં

આવ્યો છે, અને સદર અને આસપાસના વિસ્તારો તરફ જતા તમામ રસ્તાઓ સીલ કરી દેવામાં આવ્યા છે. બે હુમલાખોરો માર્યા ગયા છે. હજુ સુધી કોઈ જૂથે આ હુમલાની જવાબદારી સ્વીકારી નથી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## S&P-INDIA'S GDP

**સ્ટાન્ડર્ડ એન્ડ પુઅરના વૈશ્વિક રેટિંગ્સમાં અનુમાન લગાવવામાં આવ્યું છે કે, ભારતનું અર્થતંત્ર ચાલુ નાણાકીય વર્ષમાં 6.5 ટકા અને આગામી નાણાકીય વર્ષમાં 6.7 ટકાના દરે વૃદ્ધિ પામશે. તેમજ અપેક્ષિત કર ઘટાડા અને નાણાકીય નીતિમાં સરળતાથી વપરાશ આધારિત વૃદ્ધિમાં વધારો થશે.**

**ભારતનો વાસ્તવિક GDP ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલ-જૂનના ત્રિ-માસિક ગાળામાં 7.8 ટકાના દરે વૃદ્ધિ પામવાનો અંદાજ છે, જે પાંચ ક્વાર્ટરમાં સૌથી ઝડપી ગતિ છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આ વર્ષે GDP વૃદ્ધિ 6.8 ટકાનો અંદાજ લગાવ્યો છે, જે પાછલા નાણાકીય વર્ષમાં નોંધાયેલા 6.5 ટકા કરતા વધુ છે.**

**સ્ટાન્ડર્ડ એન્ડ પુઅરે જણાવ્યું કે, સંભવિત ભારત-અમેરિકા વેપાર કરાર અનિશ્ચિતતામાં નોંધપાત્ર ઘટાડો કરી શકે છે અને રોકાણકારોના**

વિશ્વાસને વધારી શકે છે, ખાસ કરીને બજાર ઍક્સેસ અને સ્થિરતામાં સુધારો કરીને શ્રમ-સઘન ક્ષેત્રોને ફાયદો પહોંચાડી શકે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

## NCW- WOMEN HELPLINE

રાષ્ટ્રીય મહિલા આયોગ-**NCW**એ દેશભરમાં મુશ્કેલીમાં મુકાયેલી મહિલાઓને ઝડપી અને સરળ મદદ પૂરી પાડવા માટે એક નવો હેલ્પલાઇન નંબર - 1 4 4 9 0 શરૂ કર્યો છે.

એક નિવેદનમાં, કમિશને જણાવ્યું કે, આ ટોલ-ફ્રી નંબર કમિશનની હાલની હેલ્પલાઇન સાથે જોડાયેલ એક સરળતાથી યાદ રાખી શકાય એવો શોર્ટ કોડ છે, જેના દ્વારા મહિલાઓ ઝડપથી સહાય મેળવી શકે છે.

નવો હેલ્પલાઇન નંબર હિંસા, ઉત્પીડન અથવા કોઈપણ પ્રકારની સમસ્યાઓનો સામનો કરી રહેલી મહિલાઓને તાત્કાલિક મદદ પૂરી પાડવા માટે **NCW** ના પ્રયાસોને સઘન બનાવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## KHELO INDIA

પાંચમી ખેલો ઇન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ આજથી રાજસ્થાનમાં શરૂ થઈ રહી છે. દેશભરની **230** યુનિવર્સિટીઓના લગભગ પાંચ હજાર વિદ્યાર્થી-એથ્લેટ્સ આ મેગા સ્પોર્ટિંગ ઇવેન્ટમાં ભાગ લઈ રહ્યા છે. ખો-ખોની ઉદઘાટન મેચ સાથે કુલ **23** રમતની સ્પર્ધાઓ યોજાશે.

આ ઇવેન્ટ્સ જયપુર, ઉદયપુર, જોધપુર, કોટા, અજમેર, ભરતપુર અને બિકાનેરમાં આયોજિત કરવામાં આવી રહી છે. ઉદ્ઘાટન સમારોહ આજે સાંજે **6** વાગ્યે જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે યોજાશે.

મુખ્યમંત્રી ભજનલાલ શર્મા, યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયા અને રાજસ્થાનના રમતગમત મંત્રી કર્નલ રાજ્યવર્ધન સિંહ રાઠોડ સમારોહમાં હાજરી આપશે.

આ વર્ષે, ખેલો ઇન્ડિયા યુનિવર્સિટી ગેમ્સમાં કેનોઇંગ, કાયાકિંગ, સાયકલિંગ અને બીચ વોલીબોલનો સમાવેશ કરવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# EVE. WOMEN BLIND CRIC WC

ભારતીય પ્રજ્ઞાચક્ષુ મહીલા ક્રિકેટ ટીમે સૌ પહેલી વાર T20 વિશ્વ કપ જીતીને ઇતિહાસ રચ્યો છે. ભારતીય ટીમે ફાઇનલમાં નેપાળને સાત વિકેટે હરાવીને વિશ્વ કપ પોતાના નામે કર્યો હતો.

પહેલા બેટિંગ કરતાં નેપાળ 5 વિકેટે 114 રનમાં ઓલઆઉટ થયું હતું. 115 રનના લક્ષ્યાંકના જવાબમાં, ભારતે 12 ઓવર અને એક બોલમાં ત્રણ વિકેટે 117 રન બનાવીને વિશ્વ કપ જીતી લીધો.

ભારતના કે. કુમારીએ 42, જ્યારે પી. સરીને અણનમ 44 રન બનાવ્યા હતા. ભારત સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન અજય રહ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## LABOUR LAWS-REACTION

શ્રમ સંગઠન સંકલન કેન્દ્રના રાષ્ટ્રીય મહાસચિવ શિવ પ્રસાદ તિવારીએ શ્રમ સંહિતા સુધારાનું સ્વાગત કર્યું. તેમણે તેમને એક ઐતિહાસિક પગલું ગણાવ્યું જે **450** મિલિયન અસુરક્ષિત કામદારોને સામાજિક સુરક્ષા છત્ર હેઠળ લાવશે અને દેશના કાર્યબળમાં ક્રાંતિ લાવશે.

(બાઇટ – શિવ પ્રસાદ તિવારી)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## ASSAM-ASSEMBLY

આસામ વિધાનસભાનું શિયાળુ સત્ર આવતીકાલથી શરૂ થશે અને શનિવાર સુધી ચાલુ રહેશે. સત્રના પ્રથમ દિવસે વટહુકમો અને અહેવાલો, વિવિધ સરકારી સમિતિઓ અને બોર્ડના સભ્યોની ચૂંટણી માટેના ઠરાવો,

2025-26 માટે અનુદાન અને પૂરક ફાળવણી માટેની પૂરક માંગણીઓની યાદી અને સરકારી બિલ રજૂ કરવામાં આવશે.

આ સત્રમાં રાજ્ય સરકાર, 1983ના આસામ આંદોલન દરમિયાન થયેલી હિંસા પર તિવારી કમિશનનો અહેવાલ પણ રજૂ કરશે, જેમાં મોરીગાંવ જિલ્લાના નેલીમાં ત્રણ હજાર લોકો માર્યા ગયા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MAOISTS-ARRESTED

છત્તીસગઢ પોલીસ દ્વારા હાથ ધરાયેલા બે અલગ અલગ અભિયાનમાં, ગઈકાલે વિસ્ફોટક સામગ્રી સાથે સાત માઓવાદીની ધરપકડ કરવામાં આવી.

નૈમેદ પોલીસ અને કોબ્રા 210 બટાલિયનની સંયુક્ત કાર્યવાહીમાં, કંડકા-જપેલી જંગલમાં તપાસ દરમિયાન વિસ્ફોટકો સાથે પાંચ માઓવાદીની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે ભોપાલપટ્ટનમ પોલીસે મટ્ટીમાર્કા રોડ પર વાહન તપાસ દરમિયાન, બે માઓવાદી સહયોગીઓના કબજામાંથી વિસ્ફોટકો જપ્ત કર્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .